**ટેકસરૂપે સરકારમાં જમા થતી લોકોના પરસેવાની કમાણીનો દુરઉપયોગ કરનારા સામે કેમ કોઇ પગલા નથી લેવાતા ?**

# સોમનાથ હાઇવેમાં ૬૦ કરોડના ધૂંમાડા પાછળ કોણ ?

### એક માર્ગની પાછળ નવ નવ વખત ટેન્ડરોની પ્રક્રિયાની તપાસ કરવા માંગ

### સોમનાથ હાઇવેની જમીન જુની ખાડી ઉપર હોય હાલની ડીઝાઇન ચાલે તેમ જ ન હતી : કન્સલ્ટીંગ કંપનીની મુળ ડીઝાઇનને કોણે બદલાવી નાખી ?

### પ્રથમ કોન્ટ્રાકટરે લેખિત પણ આપેલ કે આ ડીઝાઇન યોગ્ય નથી પણ...

**સ્પેશ્યલ રિપોર્ટ**

અમરેલી,

લોકો ટેકસરૂપી બચત સરકારમાં જમા કરાવે છે કારણ કે તેમને તેના નાણાની સુવિધા મળી રહે પણ કયારેક કયારેક સરકારી તંત્ર એવુ ડાંડ સાબીત થતુ હોય છે કે એમ લાગે કે આના કરતા તો કોઈ પાગલના હાથમાં વહીવટ લાગે છે.આનો દાખલો અમરેલી જિલ્લામાંથી પસાર થતો હોમનાથ હાઈવે છે. જિલાના નાગેશ્રીથી ઉના સુધીના સોમનાથ હાઈવે માં નેશનલ હાવે વિભાગે કુલ નવ નવ વખત ટેન્ડર બહાર પાડયા હતા જેમાંના ઘણા અનેક પ્રશ્નો સર્જાનાર પણ છે તેમ છતાયે આ માર્ગની અવદશા પાછળ અધિકારોઓનો તઘલખી નિર્ણય જવાબદાર હોવાનુ બહાર આવા પામ્યું છે.

જાણવા મળતી માહિતી અનુસાર સોમનાથ હાઈવેની જમીન પોચી હોય તેને માટે એક શિખર કન્સલ્ટસી નામની કંપની તથા રોડ સાથે સંલગ્ન એક વિભાગે સ્પેશીયલ ડીઝાઈન તૈયાર કરી હતી પણ જવાબદાર અધિકારીઓએ કોઈ અકળ કારણોસર એ ડીઝાઈન બદલી નાખી હતી અને માધવી કન્સ્ટ્રકશન કંપનીને કોન્ટ્રાકટ આપ્યો હતો અને કામ રાખનાર ૩૩ વર્ષ જુની અનુભવી કંપની માધવી કન્સ્ટ્રકશનએ આ માર્ગ માટે આ ડીઝાઈન યોગ્ય ન હોવાનુ જણાવી અને નેશનલ હાઈવે વિભાગને લેખિત પણ આપેલ હતુ છતાયે તેમની પાસે સરકારી ડીઝાઈન મુજબ કામ કરાવ્યું અને રોડ પહેલા વરસાદે તુટયો હતો હવે આ ખોટો નિર્ણય લેવા માટે જવાબદાર અધિકારીઓ કોણ કોણ છે ? તેની સામે કોઈ પગલા લેવાશે ખરા ? તેવા સવાલો આમ જનતામાંથી ઉઠવા પામ્યા છે.અને લોકોની મીટ સરકાર શુ પગલા લે છે તેની ઉપર મંડાઈ છે.





**આ રાજકારણ છે...અહીં ગમે તે બની શકે છે....**

## સોમનાથ હાઇવેનું પાંચ પાંચ કંપનીએ નવ વખત કામ કરવા છતા રોડ તુટે તો પણ દોષ માત્ર એક જ કંપનીનો ?

### પહેલી વખત રોડ તુટી ગયો તો છ સાત અધિકારીઓને સસ્પેન્ડ કરાયા હતા : ત્યાર બાદ આઠ આઠ વખત રોડ તુટયો તો કેમ પગલા ન લેવાયા ? : આ હાઇવેને પણ રાજકારણનો એરુ આભડી ગયો ?

અમરેલી,કયારેક સાવ સામાન્ય એવા કામ પાછળ એવુ રાજકારણ ખેલાતુ હોય છે કે લોકો ચકરાવે ચડી જતા હોય છે અમરેલી જિલ્લામાંથી પસાર થતા સોમનાથ હાઈવે માં પણ આવુ જ રાજકારણ રમાયુ હોય તેવુ લોકોને લાગી રહયું છે.

૨૦૧૧ની સાલમાં માધવી કન્સ્ટ્રકશનને કામ અપાયું અને કામની ડીઝાનિ યોગ્ય ન હોવાનુ ૩૩ વર્ષ જુની કંપની માધવી કન્સ્ટ્રકશને સરકારને જણાવ્યું પણ સરકારે તેમ છતાયે તેમના અધિકારોએ નક્કી કરેલી ડીઝાઈન મુજબ કામ કરવાનો આદેશ કયો અને એ પ્રમાણે કામ થયું ત્યારે ધારણા મુજબ રોડ પહેલા વરસાદે જ તુટયો આથી છ - સાત જેટલા અધિકારીઓને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા અને પહેલુ કામ કરનાર માધવી કન્સ્ટ્રકશનના જોખમે અને ખર્ચે તેની ડીપોઝીટમાંથી ત્રણ કામો ચીત્રા કન્સ્ટ્રકશન અને ત્રણ કામો મારૂતી કન્સ્ટ્રકશનને આપવામાં આવ્યા પણ તેમ છતાયે રોડની હાલત જૈસે થે જ રહી હોવાનુ કહેવાય છે.ત્યાર બાદ રાજકોટની કૃણાલ ઈન્ફ્રાસ્ટ્રકચર નામની કંપનીને કામ અપાયું અને તે પણ શંકાસ્પદ રીતે અપાયુ હોવાનુ કહેવાય છે ત્યાર બાદ કોડીનારની કંપનીને કામ અપાયું હતુ પણ રોડની હાલત યથાવત રહી હતી.

અહી એ સવાલ ઉઠવા પામ્યો છે કે, જો પહેલુ કામ કરનાર ૩૩ વર્ષ જુની અને ભારતભરમાં કામ કરનાર માધવી કન્સ્ટ્રકશનને બ્લેક લીસ્ટ કરી દેવામાં આવી અને સાતેક અધિકારીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા તો ત્યાર બાદ આજ માર્ગમાં બીજી ચાર એજન્સી પણ નિષ્ફળ ગઈ હતી તો તેની સામે કેમ પગલા નહી ? કામ કરાવનાર અધિકારીઓને કેમ સસ્પેન્ડ નથી કરાયા ? શુ તે સરકારમાં બેઠેલા કોઈના સગાવ્હાલા થાય છે ? તેવો સવાલ લોકો પુછી રહયા છે. અને સાથે સાથે આ માર્ગને રાજકારણનો એરુ આભડી ગયો હોય તેવી ચર્ચા પણ કરી રહયા છે.

**આ સવાલનો જવાબ નેશનલ હાઇવે વિભાગ પાસે છે ?**

## એક જ કામના બે ટેન્ડર : એકનો ભાવ ૪૬૦ તો બીજાનો ભાવ ૮૮૯ !

### આલે લે પાછી સોંઘવારી આવી ? લાઇમ સ્ટેબીલાઇઝેશનના કામ ના ૨૦૧૨માં વધુ ભાવ અને ૨૦૧૪માં અર્ધો જ ભાવ !

અમરેલી, સોમનાથ હાઈવે ઉપર જેમ વરસાદના પહેલા છાંટા રોડ તોડી નાખે છે તેજ રીતે અહી કરાયેલા કામો પણ કોઈના બાપની પેઢીનો વહીવટ કરાતો હોય તે પ્રકારે કામો કરાયાનું રેકર્ડ ઉપર સાબીત થઈ ચુકયું છે.

સામાન્ય સંજોગોમાં અમુક સમય પછી ચીજવસ્તુ ઓના ભાવ વધતા હોય છે પણ સોમનાથ હાઈવે ઉપર અપાયેલા કોન્ટ્રકટમાં અમુક બાબતોમાં સાવ સામાન્ય લોકોને પણ ખબર પડે જાય તેટલી હદે ગોટાળા કરાયા હોવાનુ દેખાઈ આવલ છે.

આદો એક જ દાખલો લઈએ તો આ માર્ગનુ કામ ૨૦૧૧માં માધવી કન્ટ્રકશન પાસે હતુ અને તેના જોખમે અને ખર્ચે ૨૦૧૨માં જયારે રાજકોટની કૃણાલ ઈન્ફ્રાસ્ટ્રકચરને લાઈમ સ્ટેબીલાઈઝેશન (માર્ગમાં ચુનાના મીશ્રણ સહિતની વસ્તુ પાથરવાનું કામ) રૂા. ૮૮૯.૮૦ પ્રમાણે આપવામાં આવ્યું અને ત્યાર બાદ આજ માર્ગ ઉપર આ જ પ્રકારનુ કામ કોડીનારની કેવી બારડ નામની કંપનીને ૨૦૧૪માં માત્ર રૂા. ૪૬૦.૮૦ના ભાવે આપવામાં આવ્યું હવે બે વર્ષમાં મોઘવારી વધે કે ઘટે ? કામનો ભાવ વધે કે ઘટે ?

આવા અનેક ગોટાળાઓ પહેલા કોન્ટ્રાકટરને પાડી દેવા માટે અથવા તો ખીસ્સા સાજા કરવા માટે કરાયા હોવાની ચર્ચા જાણકાર વર્તુળોમાં ચાલી રહી છે. અને આતો માત્ર એક જ દાખલો છે.

**રોડના કાંઠાના ખેતરોને પણ પાકમાં ભારે નુકશાન**

## સોમનાથ હાઇવેમાં દર શીયાળે રોડકાંઠાના ખેડૂતો સ્વખર્ચે ટેન્કરો મંગાવીને પાણી છાંટે છે

### રોડની ધુળને કારણે નાગેશ્રીથી ઉના સુધીના માર્ગમાં રોડના કાંઠે વવાયેલ કપાસ મેલો થતા ઓછા ભાવો આવતા હતા : ખેડૂતોએ અજમાવેલ ઉપાય

અમરેલી,

નાગેશ્રીથી છેલણા સુધી તમો જો એ ૧૧ કીલોમીટરના માર્ગ ઉપર નિકળો તો એ માર્ગની બન્ને બાજુ ખેતરોમાં કપાસનુ વાવેતર જોવા મળે અને માર્ગમાં ટેન્કરોથી પાછી છંટાતુ જોવા મળે તો એમ નહી માનતા કે સરકારી કામ ચાલુ છે આ કામ અહીના ખેડુતો સ્વખર્ચે દર શીયાળે જયારે કપાસ ખીલે ત્યારે કરાવે છે કારણ ?

કારણ એવુ છે કે હાઈરે ની હાલત એટલી ખરાબ છે કે ગાડાકેડામાં ઉડે તેના કરતા પણ વધારે ધુળ આ રોડ ઉપર વાહનો પસાર થાય ત્યારે ઉડતી હોય છે અને આ ધુળને કારણે ખેડુતોનો કપાસ મેલો થઈ જતો હોવાને કારણે તેને કપાસનો પુરતો ભાવ મળતો નથી જેને કારણે પોતાના ખેતરોમાં પાણી પીવડાવતા પહેલા રોડ ઉપર પાણી છાંટે છે.

અહી પસાર થનારા હજારો વાહનચાલકો તો પરેશાન થાય જ છે પણ સાથે સાથે રોડને કાંઠે ખેતરો ધરાવનાર ખેડુતો પણ ત્રાસી ગયા છે.

**સોમનાથ હાઇવેના કામમાં સૌથી વધુ નુકશાની પ્રથમ કોન્ટ્રાટરને**

## ૨૦૧૧માં કામ કરનાર કંપનીના ખર્ચે ચાર-ચાર કોન્ટ્રાકટરોએ કામ કર્યા છતાયે રોડ ગાડા માર્ગ

### નાગેશ્રીથી ઉના માર્ગ જાદુઇ બન્યો : ૨૫ ગામના હજારો વાહનચાલકો પરેશાન : કામ થાય અને પહેલા વરસાદે જ રોડ ગાયબ થઇ જાય !

અમરેલી, સરકાર દ્વારા રોડના કે બાંધકામના કામોમાં હવે એવો નિયમ છે કે કામ કરનારની ડીપોઝીટ સરકાર ગેરંટીના સમય સુધી પાસે રાખે અને મર્યાદા પુરી થયા બાદ તે કોન્ટ્રાકટરને પરત આપે આ જ પ્રકારે સોમનાથ હાઈવેનુ સૌ પહેલા કામ કરનાર કંપની માધવી કન્સ્ટ્રકશન ની પણ ડીપોઝીટ રખાઈ હતી અને આ કંપનીએ કામ કરતા પહેલા જ અયોગ્ય ડઝાઈન અંગે સરકારનું ધ્યાન દોર્યુ હોવા છતાયે કોઈ અકળ કારણોસર બલીનો બકરો બનાવવા માટે આ કામ કરાવાયું અને રોડ તુટી ગયો. કદાચ કંપનીએ ખરાબ કામ કર્યુ હશે તેવુ લોકોને લાગ્યું હતુ અને સરકારે પણ તેમની કરોડોની ડીપોઝીટને પાણીની જેમ વાપરી અને પણ ત્યાર બાદ બીજી ચાર ચાર કંપનીઓને આજ માર્ગ પર આઠ આઠ વખત કામ કર્યુ અને છતાયે રોડની હાલત ખરાબની ખરાબ જ રહી તો દોષ કોનો ? લોકો મજાકમાં હવે આ માર્ગને જાદુઈ માર્ગ કહી રહયા છે તેને ગમે તેટલી વખત બનાવો પણ રોડની હાલત એની એ જ રહે છે.

## રાજુલામાં રવિવારે સૌરાષ્ટ્ર વિકાસ પરિષદની મહત્વની બેઠક મળશે

### લોક પ્રશ્નોના નિરાકરણ માટે બેઠકનું આયોજન : આગેવાનોની ઉપસ્થિતિ

રાજુલા,રાજુલા શહેરના તથા તાલુકાના વિકાસની કામગીરી તથા વર્ષો જુના રેલ્વે સુવિધા, પાણી, રસ્તાઓ, શિક્ષણ, વિજળી જેવા જાહેર સુખાકારીને લગતા પ્રાણપ્રશ્નો એકઠા કરી યોગ્ય જગ્યાએ રજુઆતો કરી યથાયોગ્ય નિરાકરણ લાવવા માટે સૌરાષ્ટ્ર વિકાસ પરિષદ રાજુલાની એક અગત્યની મીટીંગ તા. ૨૭/૭/૧૪ ને રવિવારના રોજ સાંજના ૪ થી ૬ કલાકે સરદાર પટેલ માર્કેટીંગ યાર્ડ (ખેડૂત હોલ) રાજુલા ખાતે રાખવામાં આવેલ છે. જેમાં બહોળી સંખ્યામાં શહેરીજનોને ઉપસ્થિત રહેવા માટે ભાવભર્યુ નિમંત્રણ આપેલ છે. તેમજ વધુમાં જણાવેલછે કે જો શકય હોય તો રાજુલાના વિકાસને લગતા પ્રશ્નો બે નકલમાં સાથે મીટીંગમાં લાવવા વિનંતી છે. જેથી તેના નિરાકરણ અંગે આપણે અત્યારથી જ સાથે મળી ઉકેલની કામગીરી તરફ પ્રયાણ કરીએ.
સૌરાષ્ટ્ર વિકાસ પરીષદની રાજુલા ખાતેની પ્રથમ બેઠકમાં સૌરાષ્ટ્ર વિકાસ પરીષદના પ્રમુખશ્રી આદરણીય દિનેશભાઈ વિઠ્ઠલાણી (ડી.ભાઈ) તેમજ અમરેલી જિલ્લા સૌરાષ્ટ્ર વિકાસ પરીષદના પ્રમુખ શ્રી ભીખુભાઈ અગ્રાવત તથા સૌરાષ્ટ્ર વિભાગના સેક્રેટરી શ્રી દિલશાદભાઈ શેખ હાજર રહી આપણે માર્ગદશન આપશે તેમ પ્રદિપભાઈ જે.સોલંકી (એડવોકેટ) પ્રમુખ, સૌરાષ્ટ્ર વિકાસ પરિષદ - રાજુલા તથા પ્રવિણભાઈ આર.ત્રિવેદી (ગાયત્રી કોમ્પ્યુટર) રાજુલાની યાદીમાં જણાવેલ છે.

**એવરગ્રીન કલબનાં પ્રમુખ ડો.કાનાબારના પ્રમુખ સ્થાને**

## અમરેલીમાં સ્વ.મહમંદ રફીની ૩૪મી પૂણ્યતિથીએ સ્વરાંજલી કાર્યક્રમ

### અમરેલીના મહમદ રફી ગણાતા શ્રી સીકંદરખાન પઠાણ દ્વારા આગામી ગુરૂવારે રાત્રીનાં શશાંક પાર્ટી પ્લોટમાં સરસ મજાનું આયોજન



અમરેલી, અમરેલી હંમેશા પોતાની આગવી શૈલીમાં નવતર કાર્યક્રમો આપવા માટે વિખ્યાત છે અને આવો જ એક કાર્યક્રમ અમરેલીમાં વિખ્યાત સીંગર શ્રી સીકંદરખાન પઠાણ દ્વારા ગોઠવવામાં આવ્યો છે.આગામી ગુરૂવારે રાત્રીનાં શશાંક પાર્ટી પ્લોટમાં સરસ મજાનું આયોજન આગામી ગુરૂવારે રાત્રીનાં શશાંક પાર્ટી પ્લોટમાં સરસ મજાનું આયોજન સિને જગતનાં સદીનાં મહા ગાયક મહમંદ રફી સાહેબની આગામી ૩૧ જુલાઈનાં રોજ ૩૪ પૂણ્યતિથી નિમીતે અમરેલીનાં શશાંક પાર્ટી પ્લોટમાં રાત્રીનાં સમયે એવરગ્રીન કલબનાં પ્રમુખ અને જુના કલાત્મક ફીલ્મી ગીતોના ચાહક એવા સફળ સર્જન ડો.ભરતભાઈ કાનાબારનાં પ્રમુખસ્થાને સંગીતમય સ્વરાંજલી કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છેઆ કાર્યક્રમમાં મુંબઈનાં વર્સેટાઈલ સિંગર મઝહર પી.સૈયદ, સિકંદરખાન પઠાણ, કયુમ મુસાણી, સંજીવ ધારૈયા અને હંસાબેન ગજજર સહીતનાં કલાકારો જમાવટ કરશે કાર્યક્રમમાં આમંત્રિતોને ઉપસ્થિત રહેવા પેન્ટર જોગી, યાજ્ઞિકે અનુરોધ કર્યો છે

# દુઃખદ અવસાન / બેસણું



**અ.નિ. રળીયાતબા ગોવિંદભાઇ હપાણી**
**અ.નિ તા. ૨૭-૭-૨૦૧૪ (ઉ.વ.૯૨)**

દિલગીરી સાથ જણાવવાનું કે અમારા પરમ પુજય માતુશ્રી રળીયાતબા ગોવિંદભાઇ હપાણી તા. ૨૭-૭-૨૦૧૪ ને રવિવારના રોજ સુરત ખાતે અક્ષરવાસ થયેલ છે.

**સદ્દગતનું બેસણું**
તા. ૩૧-૭-૨૦૧૪ ને ગુરૂવારના રોજ
અમારા નિવાસ સ્થાને રાખેલ છે.
બેસણાનું સ્થળ - મુ. અનીડા,તા. ખાંભા, જી. અમરેલી

**ઉતરક્રિયા**
તા.૭-૮-૨૦૧૪ ને ગુરૂવારના રોજ
સુરત મુકામે અમારા નિવાસ સ્થાને રાખેલ છે.

કોઇ કહેશે બહુ પૂણ્ય કમાઇને ગયા, કોઇ કહેશે બહુ સુવાસ ફેલાવીને ગયા,
કોઇ કહેશે જીવન ધન્ય બનાવીને ગયા કોઇ કહેશે પરિવારના મોભ્મી ગયા,
અમે હંમેશા કહેશું, અમારા તો સર્વે સર્વા ગયા.
શ્રી સ્વામીનારાયણ ભગવાન આપના આત્માને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના.

લી.

**વશરામભાઇ ગોવિંદભાઇ હપાણી - મધુભાઇ ગોવિંદભાઇ હપાણી**
**બાબુભાઇ ગોવિંદભાઇ હપાણી - સવજીભાઇ ગોવિંદભાઇ હપાણી**
કનૈયાભાઇ વશરામભાઇ હપાણી -સંજયભાઇ વશરામભાઇ હપાણી
જીતેશભાઇ મધુભાઇ હપાણી - દિવ્યેશભાઇ મધુભાઇ હપાણી
અજયભાઇ બાબુભાઇ હપાણી - રવીભાઇ બાબુભાઇ હપાણી - ધર્મેશભાઇ સવજીભાઇ હપાણી
ધ્રુવ તથા રીયાન

**ગોવિંદજી જ્વેલર્સ - સુરત**

ફોન નં. ૯૯૭૯૫ ૯૪૮૪૭, ૯૮૨૫૩ ૭૫૪૫, ૯૮૨૫૧ ૩૨૭૧૦, ૯૮૭૯૫ ૭૪૨૩૨

**હપાણી પરીવારના જયશ્રી સ્વામીનારાયણ**